વનઆરક્ષિત જગ્યામાંથી દબાણોનો સફાયો

આખરે વનઆરક્ષિત જગ્યામાંથી દબાણોનો સફાયો કરવા ઝુંબેશ હાથ ધરાઇ : નગરના ઘ-માર્ગ આસપાસ સહીત વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરવા સતત ઝુંબેશ ચાલુ રહેશે : લારી ગલ્લા પણ જપ્ત કરી લેવાશે

ગાંધીનગર તા ૨૨

શહેરના વન આરક્ષિત વિસ્તારમાંથી ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે વનતંત્રએ અભિયાન હાથ ધર્યુ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વન આરક્ષિત જગ્યામાં ઝુંપડાના દબાણોએ અડ્ડો જમાવ્યો છે. જેના લીધે ગંદકી સહીતના અન્ય પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઇ વનતંત્ર દ્વારા આજથી દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે દબાણો દુર કરવા માટે આ ઝુંબેશ સતત ચાલુ રહેશે. સ્માર્ટ સીટીમાં દબાણો કાયમી અસરથી દબાણો દુર કરવામાં આવતા નથી છેલ્લા ઘણાં સમયથી કોર્પોરેશન , પાટનગર યોજના વિભાગ તેમજ વનવિભાગ દ્વારા દબાણકર્તાઓને જાણે લાયસન્સ આપી દીધુ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. દબાણો દુર કરવા કોઇ પગલા લેવાતા નથી જેના લીધે શહેરમાં દબાણો કાયમી ધોરણે અસ્તિત્વમાં આવ્યા હોય તેવી સ્થિતિ છે. જયારે હવે દબાણો દુર કરવા માટે સંબંધિત વિભાગને સુચના આપવામાં આવી છે. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં બન્ને બાજુ દબાણો દુર કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ઘ-૦ થી ઘ-૩ સુધીના વિસ્તારમાં વનતંત્રની ટીમ ત્રાટકી હતી.

વન આરક્ષિત જગ્યામાંથી ઝુંપડા દુર કરવાનુ શરૂ કર્યુ હતુ. જયારે ઝુંપડાવાસીઓને પણ આ ઠેકાણે ઝુંપડાનુ દબાણ નહીં કરવા માટે અલ્ટીમેટમ આપી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં આ વિસ્તારમાંથી લારી ગલ્લા સહીતના દબાણો દુર કરવા માટે આયોજન કરી દેવાયુ છે. નગરના ઉભા અને આડા રસ્તાઓની બન્ને સાઇડ વન વિભાગની આરક્ષિત જગ્યામાં દબાણોનો અડ્ડો છે. જયારે આ મામલે વનતંત્ર જાગૃત થતા દબાણો દુર કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવાઇ છે. જેના અનુસંધાને હવે આ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાશે અને દબાણો કાયમી ધોરણે દુર કરાશે.

સે-૬માં જ-૧ કક્ષાના ૪૦ બ્લોક તોડી નવા ૨૮૦ મકાનો બંધાશે

જ-૧ કક્ષાના જર્જરિત અને જુના બ્લોક તોડી નાંખવામાં આવશે : અંદાજિત ૫૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૧

શહેરના સે-૬ માં ચ-કક્ષાના નવા ૨૮૦ આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલુ છે .જયારે હજુ પણ નવા આવાસો બાંધવા માટે જુના અને જર્જરિત આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે. સે-૬ માં ચ કક્ષાના આવાસો તૈયાર કરવા માટે જ-૧ કક્ષાના ૪૦ બ્લોક તોડી નાંખવામાં આવશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને સ્થળ પરથી ૯૩ જેટલા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી છે.

શહેરમાં જુના અને જર્જરિત સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. સે-૬ માં હાલ નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સેકટરમાં સ્થિત દાયકાઓ જુના આવાસો તોડવા માટે પણ કામગીરી ચાલી રહી છે.

જયારે હજુ પણ સેકટરમાં નવા મકાનો બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જે અન્વયે સે-૬ માં જ-૧ કક્ષાના જુના આવાસો તોડવા માટે આયોજન કરાયુ છે. સે-૬ માં જ -૧ કક્ષાના ૪૦ થી વધુ બ્લોક તોડી નાંખવામાં આવશે. જયારે ચ કક્ષાના ૨૮૦ આવાસો તૈયાર કરાશે. જેની પાછળ અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે. હાલ ભુવનેશ્વર મહાદેવ મંદિરની પાછળના વિસ્તારમાં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે.

જયારે આ નવા આવાસો પોલીસ સ્ટેશન પાછળના વિસ્તારમાં બાંધવામાં આવશે. શહેરમાં દાયકાઓ જુના આવાસો તોડીને નવા બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ચાર દાયકા જુના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. ત્યારે શહેરના સેકટરોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. સે-૭ અને સે-૩૦ તેમજ સે-૨૯ માં નવા મકાનો તૈયાર કરી દેવાયા છે. પરંતુ સે-૩૦ માં હજુ પણ નવા આવાસોનુ લોકાર્પણ કરાયુ નથી. એકબાજુ જુના આવાસો તોડવામાં આવતા કર્મચારીઓને રહેણાંકને લાયક આવાસો ફાળવવાની સમસ્યા જટીલ બની છે. ત્યારે નવા મકાનો બાંધવાનુ કામ ઝડપથી પુર્ણ કરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ વિસ્તારના રહીશોની ગટર-પાણીના કામને અગ્રતા આપવા માંગ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સાત ગામના અગ્રણીઓએ આજે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નરને મળી ગટર-પાણીના પ્રશ્નો ઉકેલ્યા બાદ આર.સી.સી.ના રોડ બનાવવામાં આવે તેવી ઉગ્ર રજુઆત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ અગ્રણીઓએ એવી પણ રજુઆત કરી હતી કે આર.સી.સી. રોડ બનાવવાનો નિર્ણય સારો છે પરંતુ મૂળભૂત ગટર અને પાણીના કામો બાકી છે જેથી આ કામો માટે આ રોડ તોડવામાં આવશે એટલે પાછી સમસ્યાઓ નવી ઉભી થશે.

આગેવાનોએ ગ્રામીણ વિસ્તારના પ્રશ્નો પર તંત્રે ધ્યાને લીધા છે તે માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી અને ગટર તેમજ પાણીના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે રજુઆત પણ કરી હતી.

શહેરના સાત ગામના અગ્રણીઓએ આર.સી.સી. રોડ પહેલા ગટર-પાણીના પ્રશ્નો ઉકેલવા રજૂઆત કરી

ગ્રામજનોએ કરેલી રજુઆતને પગલે તંત્રના અધિકારીઓ એક તબક્કે વિમાસણમાં પણ મુકાઈ ગયા હતા પરંતુ ખર્ચ બેવડાવવાની જરૂર નથી માત્ર ક્રમબદ્ધ પ્રશ્નો ઉકેલવાનો આગ્રહ ગ્રામજનોએ કર્યો હતો.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં આર.સી.સી. રોડના ટેન્ડરોને તાજેતરમાં મળેલી છેલ્લી ત્રણેક બેઠકમાં જ મંજૂરીની મહોર મારવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં બનાવેલી પૂટપાથો અને પેવર બ્લોકસને તોડી હાલ સ્ટ્રોમ વૉટરની પાઈપલાઈનો નાખવામાં આવી રહી છે. આમ ખર્ચ બેવડાઈ રહ્યો છે ત્યારે ગ્રામજનોએ કરેલી ગંભીર રજુઆતને તંત્રએ વિચારવાની ખાત્રી આપી છે.

વસ્તી ગણતરી માટે શહેરને ૪૫૫ બ્લોક્સમાં વિભાજીત કરી દેવાયુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની વસ્તી ગણતરી માટે ૪૫૫ જેટલા બ્લોકમાં શહેરને વિભાજીત કરવામાં આવશે. આ માટે ગણતરીદારોની પસંદગી પણ થઈ ચુકી છે.

છ ગણતરીદાર પર એક સુપરવાઈઝર રહેશે તેમજ શહેરના ૮ વોર્ડ માટે ૮ ચાર્જ ઓફિસરોની પણ નિયુક્તી કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં વસ્તી ગણતરીની કામગીરી શરૂ થશે. આ માટે હાલ તાલિમ આપવાની કામગીરી ચાલી રહી છે. આજે ૮ ચાર્જ ઓફિસર, ૧૬ જેટલા કોમ્પ્યુટર ઓપરેટર સહિત ૪૦ અધિકારીઓને ખાસ તાલિમ ફિલ્ડ ટ્રેનર દ્વારા આપવામાં આવી હતી. આજે કલેક્ટર ઓફિસ ખાતે યોજાયેલ આ ટ્રેનીંગમાં સેન્સસની ગાંધીનગર સ્થિત કચેરીના અધિકારીઓએ તાલિમાર્થીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પણ મહત્વની તાલિમ આપી હતી.

માર્ચ મહિનાથી વસ્તી ગણતરીની કામગીરીનો આરંભ થવાનો છે ત્યારે તંત્ર ધીમી ગતિએ હાલ તેના ગિયર ધીમી ગતિએ બદલી રહ્યું છે. આ વખતે તાલિમ માટે ખાસ એપ પણ ડેવલપ કરવામાં આવી છે. આજના આ વર્કશોપ-તાલિમ સેમિનારમાં મનપાના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

શહેરના મુખ્યમાર્ગથી સેકટરોને જોડતા એપ્રોચ પણ ફોરટ્રેક બનાવાશે

એપ્રોચ રસ્તા પર ટ્રાફિકનુ પ્રમાણ વધતા માર્ગોને અપગ્રેડ કરાશે : અંદાજિત ૩૭ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો પરથી સેકટરોને જોડાયેલા એપ્રોચ રસ્તાને ફોરટ્રેક કરવા માટે આયોજન કરાયુ છે. શહેરના સેકટરોમાં રીંગ રોડને ફોરટ્રેક કરવા સહીત સેકટરોના એપ્રોચ રસ્તાઓને પણ ટ્રાફિકની અવરજવર માટે સરળ બનાવવા એપ્રોચ રસ્તાને પણ ફોરટ્રેક બનાવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૭ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં રીંગ રોડને ફોરટ્રેક કરવા માટે આયોજન કરાયુ છે. આગામી દિવસોમાં સેકટરોના રીંગ રોડને અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ ૩૭ કરોડનો ખર્ચ કરાશે. જયારે સેકટરોમાં પ્રવેશવાના એપ્રોચ રસ્તાઓને પણ ફોરટ્રેક કરાશે. જેના લીધે સેકટરોના પ્રવેશદ્વાર પાસે જોખમાતી માર્ગ સલામતીનો પ્રશ્ન હલ થશે. સેકટરોની વસતી અને વિકાસ મુજબ શહેરનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવાનુ અનિવાર્ય છે. જયારે સેકટરોના એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક બનાવવા માટે છેલ્લા સાત વર્ષથી વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ એપ્રોચ રસ્તાને ફોરટ્રેક કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ આ દરખાસ્ત અન્વયે કોઇ ગતિવિધિ હાથ ધરવામાં આવી ન હતી. જયારે હાલ કોર્પોરેશન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં આગામી પાંચ દિવસ પવનનું જોર રહેશે

મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૩ ડિગ્રી સે. રહેશે પરંતુ પવનની ગતિથી ૭ થી ૧૮ કિ.મી. પ્રતિ કલાક રહેવાની આગાહી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આગામી પાંચ દિવસ આકાશ મોટે ભાગે ચોખ્ખુ રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી એટલુ જ નહિ પણ લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૩ ડિગ્રી વચ્ચે રહેશે. જોકે પવનનું જોર વધશે.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિ. અને ભારત સરકારના મૌસમ વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૦માં આ જણાવવામાં આવ્યું છે.

આ આગાહીમાં જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૫ થી ૫૧ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જયારે પવનની ગતિ ૭ થી ૧૮ કિ.મી. પ્રતિ કલાક રહેશે તેવી સંભાવના છે.

ખાસ કરીને રાત્રિ દરમ્યાન ઠંડા પવન સાથે શુષ્ક વાતાવરણ રહે છે તેથી ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે તેમના પાક અને પશુધનને ઠંડીના વિપરીત પ્રભાવ સામે રક્ષણ પુરૂ પાડે. ઠંડીની અસર ઘટાડવા માટે ઠંડા અને શુષ્ક હવામાનની સ્થિતિમાં સાંજના કલાકો દરમ્યાન પાકને પિયત આપો.

હાથ નિંદામણ અને આંતર ખેડની કામગીરી કરવી. ખેડૂતોને એવી પણ સલાહ આપવામાં આવી છે કે તેઓ તેમના પાકની નિયમિત દેખરેખ રાખે અને હાલની હવામાનની પરિસ્થિતિ મુજબ પાક સરંક્ષણના પગલાં લે.

જીરૂના પાકમાં ફુલ અવસ્થાએ હોવાથી મોલોમશીનો ઉપદ્રવ થવાની સંભાવના હોઈ નિયંત્રણ માટે દવાનો છંટકાવ ગ્રામસેવકની ભલામણ મુજબ કરવો.

શહેરમાં ઠંડી ફરી આક્રમક : પારો ૯.૫ ડિ.સે.

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં ફરી ઠંડીએ બેટીંગ કરવાનુ શરૂ કર્યુ છે. એક દિવસ થોડીક રાહત રહ્યા બાદ ઠંડીનો પારો ફરી ગગડ્યો હતો. નલીયા બાદ ગાંધીનગર ૯.૫ ડિ.સે. લઘુત્તમ તાપમાન સાથે સેકન્ડ કોલ્ડેસ્ટ સીટી બની રહ્યુ હતુ.

ગાંધીનગરની ઠંડી આયાતી ઠંડી છે. ઉત્તર ભારતમાં ભારે બરફવર્ષા થાય કે ઠંડી પડે તો તેની સીધી અસર અહીં જોવા મળે છે. તેમાંય જો ઉત્તર પૂર્વિય દિશાના પવન ફૂંકાતા હોય અને આ પવનની ગતિ વધુ હોય તો પછી શહેરમાં હાડ થીજવતી ઠંડી પડે છે. ઠંડીનો પ્રકોપ ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં ખુબ રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં વર્ગ-૧-૨ ની ભરતી જાહેર સેવા આયોગ દ્વારા થશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ભરતી કૌભાંડ પછી હરકતમાં આવેલ તંત્રએ આ બાબતે રાજ્ય સરકારને પણ જરૂરી દરખાસ્ત સાથે આગળ વધવાની તૈયારી હોવાના સંકેત આપ્યા હતા.

મ્યુનિ. કમિશ્નર ડૉ. ગઢવી ચારણ દ્વારા આ બાબતે સરકારમાં અધિકારી કક્ષાએ શ્રેણીબદ્ધ બેઠકો પણ કરી હતી. આ પછી રાજ્ય સરકારે સમગ્ર બાબતને ધ્યાને લઈ જાહેર સેવા આયોગને પરીક્ષાઓ લેવા માટે આગ્રહ કરતાં આખા મામલાનો ઉકેલ માટેનો માર્ગ મોકળો બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે ભરતીના નિયમોમાં સુધારા માટેની દરખાસ્ત જે હાલ સ્થાયી સમિતિમાં પેન્ડીંગ છે તે હવે પછી મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ક્લીયર કરી દેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com